
પ્રદીપ ગુર્જર

# ચંદ્રવાણ અને બોરખાડીમાં ખેતીવિષયક વીજ પુરવઠો આપવા ખેડૂતોની માંગ

**ખેડૂતોએ** DGVCLના નાયબ કાર્યપાલક ઈજનેરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી

નેત્રંગઃ નેત્રંગ તાલુકાના ચંદ્રવાણ અને બોરખાડી ગામના ખેડૂતોએ આટખોલ ફીડર પરથી એગ્રીકલ્ચર લાઈનનો વીજપુરવઠો અનિયમિત મળતા દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. (DGVCL)ના નાયબ કાર્યપાલક ઈજનેરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

ખેડૂતોએ જણાવ્યું કે, લાંબા સમયથી વીજપુરવઠો ખોરવાતાં ખેતીમાં મુશ્કેલી પડી રહી છે. ખેતરમાં જ રહેતા ખેડૂતો માટે જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજલાઈન આપવા માંગ કરાઈ છે. જંગલ વિસ્તાર નજીક હોવાથી રાત્રે દીપડા જેવા હિંસક પ્રાણીઓનો ડર રહે છે અને બાળકોના અભ્યાસ પર પણ માઠી અસર પડી રહી છે. ખેડૂતોએ નડતરરૂપ ઝાડ કાપવામાં મદદ કરી હોવા છતાં અને ફરિયાદ કરવા છતાં સમસ્યા યથાવત છે.

આ બાબતે DGVCLના ઈજનેરે જણાવ્યું હતું કે, ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે વીજપોલ પડી જતાં સમારકામમાં વિલંબ થયો છે. હાલ યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે અને ટૂંક સમયમાં નિયમિત વીજ પુરવઠો શરૂ કરી દેવામાં આવશે.

# ભરૂચ જિલ્લાના 10 હજાર ઉદ્યોગોને વૈકલ્પિક ઈંધણ વાપરવાની મંજૂરી

**પેટ્રોલિયમ** પેદાશોની અછત વચ્ચે ઉદ્યોગકારોને રાહત થશે

અંકલેશ્વરઃ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય તણાવ અને યુદ્ધની ભૌગોલિક પરિસ્થિતિ વચ્ચે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી ઉદ્યોગોને પ્રોડક્શન શટડાઉનથી બચાવવા માટે ૩ મહિના માટે વૈકલ્પિક બળતણ વાપરવાની હંગામી મંજૂરી આપી દીધી છે.

આ નિર્ણયથી અંકલેશ્વર, પાનોલી, ઝઘડિયા અને દહેજ સહિત સમગ્ર જિલ્લાના 10 હજારથી વધુ નાના-મોટા ઉદ્યોગોને સીધો જ ફાયદો થશે. મધ્ય પૂર્વ યુદ્ધ વચ્ચે અંકલેશ્વર-દહેજ સહિત જિલ્લાના 12 હજાર ઉદ્યોગોને મોટો ફાયદો થાય તેવો નિર્ણય લેવાયો છે.

હવે 3 મહિના માટે વૈકલ્પિક બળતણ વાપરવાની હંગામી છૂટ મળશે. પ્રોડક્શન કોસ્ટ ઘટશે. બળતણ બદલવાની છૂટથી ઉદ્યોગોને ચાર મોરચે મોટો ફાયદો થશે. મોંઘા નેચરલ ગેસના બદલે સસ્તા બાયોફ્યુઅલ અથવા વૈકલ્પિક ઈંધણથી ઉત્પાદન પડતર પર 15થી 52%નો સીધો ઘટાડો થશે. ગ્લોબલ સપ્લાય ચેઈન ખોરવાઈ હોવા છતાં સ્થાનિક યુનિટ સ્પર્ધાત્મક ભાવે માલ નિકાસ કરી શકશે. ગેસ સપ્લાય કટ થાય તો પણ વૈકલ્પિક બળતણથી પ્લાન્ટ સતત 24x7 કાર્યરત રાખી શકાશે.

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે યુરોપ અને એશિયાની અન્ય કંપનીઓ સામે ભારતીય મેન્યુફેક્ચરર્સ ઓર્ડર સમયસર ડિલિવરી કરી શકશે. યુદ્ધની સ્થિતિમાં ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસના ભાવો આસમાને પહોંચવાની દહેશત હતી, જેના કારણે કેમિકલ અને ફાર્મા હબ ગણાતા ભરૂચ જિલ્લાના ઉદ્યોગો પર તાળાબંધીનું સંકટ મંડરાઈ રહ્યું હતું. પરંતુ જીપીસીબીએ સમયસૂચકતા વાપરીને નિયમોમાં ઢીલ આપતાં અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન સહિતના ઔદ્યોગિક સંગઠનોએ આ નિર્ણયને આવકાર્યો છે. આ નિર્ણયથી હજારો શ્રમિકોની રોજીરોટી પણ સુરક્ષિત થઈ છે.

જો યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસ સપ્લાયમાં મોટો કટ આવે તો પણ ફેક્ટરીઓ વૈકલ્પિક બળતણની મદદથી પોતાના પ્લાન્ટને કોઈ પણ અડચણ વગર ચોવીસે કલાક ધમધમતા રાખી શકશે. પરિપત્ર આધારે મુખ્યત્વે ગેસ આધારિત યુનિટ્સ હવે રજિસ્ટર્ડ પ્રવાહી બળતણ વાપરી શકશે. આ માટે અલગથી કે સીસીએ લેવાની જરૂર નથી. માત્ર વિગતવાર જાણ કરવાની રહેશે.

### મંજૂરી વગરનું ફ્યુઅલ વપરાશે તો મંજૂરી તાત્કાલિક રદ કરવામાં આવશે

ઘન બળતણમાં બ્રિક્વેટ્સ, એગ્રો-વેસ્ટ અને બાયોફ્યુઅલ વાપરી શકાશે. પર્યાવરણની જાળવણી માટે પ્રદૂષણ નિયંત્રણ માટે માન્ય એ.પી.સી.ડી. લગાવવું ફરજિયાત છે. આ ઈંધણની રાખનો યોગ્ય નિકાલ કરવો પડશે. નિયમ મુજબ સી.ઈ.એમ.એસ. સિસ્ટમ ચાલુ રાખવી પડશે. મંજૂરી વગરનું ફ્યુઅલ વપરાય તો મંજૂરી તાત્કાલિક રદ થશે અને કાયદેસર કાર્યવાહી થશે.

### મધ્યમ કક્ષાનાં એકમોનું માર્જિન જળવાશે

ઉદ્યોગ અગ્રણીના જણાવ્યા અનુસાર મધ્ય પૂર્વના તણાવના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસના ભાવ આસમાને પહોંચ્યા હતા. ભરૂચ જિલ્લામાં કેમિકલ, ફાર્મા અને ટેક્સટાઇલ બેલ્ટ મોટાપાયે ગેસ આધારિત છે. જીપીસીબી દ્વારા નોન-એપ્રુવ્ડ ઈંધણ વગર માત્ર એપ્રુવ્ડ બાયોફ્યુઅલ કે લિક્વિડ ફ્યુઅલ વાપરવાની અપાયેલી સુવર્ણ તકથી નાના અને મધ્યમ કક્ષાના (MSME) એકમોની માર્જિન જળવાઈ રહેશે. ઉત્પાદકોએ હવે માત્ર એટલું ધ્યાન રાખવું પડશે કે પર્યાવરણીય નિયમો અને એપીસીડી સાધનો યોગ્ય રીતે કાર્યરત રહે. આ 3 મહિનાની છૂટછાટથી ભારતીય નિકાસકારોને વિદેશી બજારમાં ઓર્ડર કેન્સલ થવાનો ભય રહેશે નહીં.

## સંક્ષિપ્ત સમાચાર

### હથોડા ગામે પૂર અસરગ્રસ્તોને સહાય


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કીમ નદીના પૂરના પાણી હથોડા ગામે નિચાણ વિસ્તાર ધરાવતા ગરીબ લોકોનાં ઘરોમાં ઘૂસી જતાં અસરગ્રસ્ત લોકોને અનાજ સહિત જીવન જરૂરિયાતની પણ અસર થઈ હતી. જરૂરિયાતમંદ લોકોને બે ટંકનું ભોજન મળી રહે એ હેતુથી માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવા થકી દાળ, ચોખા, તેલ, મરી, મસાલો વગેરેની 300 જેટલી કિટ બનાવી હથોડા ગામે આદિવાસી વિસ્તાર સહિત પૂરગ્રસ્ત વિસ્તારમાં મોડી સાંજે વિતરણ કરવામાં આવ્યું હતું.

### કરમાલી નજીક દીપડો દેખાયો



ભરૂચઃ ભરૂચ-શુક્લતીર્થ માર્ગ પર કરમાલી ગામ પાસે મોડી રાત્રે દીપડો રસ્તા પર લટાર મારતો કેમેરામાં કેદ થયો હતો. ઝઘડિયા વન કાર્યાલયથી ભાગેલો દીપડો હજુ પકડાયો ન હોવાથી સ્થાનિકોમાં દહેશત વ્યાપી છે. ગ્રામજનોની માંગને પગલે વન વિભાગે વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી દીપડાને પાંજરે પૂરવાની તજવીજ હાથ ધરી છે.

### રાજપીપળા કન્યા છાત્રાલય ખાતે મહિલા જાગૃતિ કાર્યક્રમ


દીપલ સોની

રાજપીપળાઃ નારી વંદન ઉત્સવ-2026 અંતર્ગત 'બેટી બચાવો, બેટી પઢાવો દિવસ'ની ઉજવણી નિમિત્તે 181 અભયમ મહિલા હેલ્પલાઇન અને 1098 ચાઈલ્ડ હેલ્પલાઇન નર્મદા ટીમ દ્વારા રાજપીપળા કન્યા છાત્રાલય ખાતે મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓને 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાનના ઉદ્દેશો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### ભરૂચ ગૌશાળા પાંજરાપોળ ખાતે યોગ વર્ગનો વાર્ષિકોત્સવ



ભરૂચઃ ભરૂચની ગૌશાળા પાંજરાપોળ ખાતે કાર્યરત નિઃશુલ્ક GSYB યોગ વર્ગનો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બિનિતા દીદી, ઉમા દીદી, યોગેશભાઈ, શાંતિલાલ શ્રોફ, અનિલભાઈ, બિપિનભાઈ તથા મહેન્દ્રભાઈએ ઉપસ્થિત રહી યોગના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લાભો વિશે પ્રેરણાદાયી વિચારો વ્યક્ત કર્યા હતો. યોગ વર્ગના પ્રશિક્ષક કોમલ રાણાના સતત માર્ગદર્શન, સમર્પણ અને નિષ્ઠાથી યોગવર્ગ સમાજમાં સ્વાસ્થ્ય જાગૃતિનું ઉત્તમ કાર્ય કરી રહ્યો છે.

### વરખડી ગામે પશુ આરોગ્ય મેળો યોજાયો


પ્રદીપ ગુર્જર

નેત્રંગ.: પશુ દવાખાનું નેત્રંગ, VYO અને JCI ભરૂચના સંયુક્ત ઉપક્રમે વરખડી ગામે પશુ આરોગ્ય મેળો યોજાયો હતો, જેમાં તાલુકા પંચાયત પ્રમુખ મગનભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા. ડો.મેઘરાજ ચૌધરી અને ડો.પ્રશાંત વસાવા સહિતના સ્ટાફે ૩૮૭ પશુની નિઃશુલ્ક સારવાર કરી તથા ૬૦૦ પશુનું ખરવા-મોવાડાનું રસીકરણ કર્યું હતું.

### વાગરાનો 13 વર્ષથી ફરાર આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો



ભરૂચઃ વાગરા પોલીસે 13 વર્ષથી ફરાર ચાલી રહેલા આરોપીને મહારાષ્ટ્રના નાસિક નજીકથી ઝડપી પાડીને મોટી સફળતા હાંસલ કરી છે. આરોપી હરિનંદ મહેન્દ્રકુમાર પટેલ મૂળ મધ્યપ્રદેશનો વતની છે, જે વર્ષ-2013થી વાગરા પોલીસ સ્ટેશનમાં IPCની ગંભીર કલમો હેઠળ દાખલ ગુનાઓમાં વાંછિત હતો. પોલીસે આરોપીની દરેક ઓળખ બદલવાની ચાલને નિષ્ફળ કરતાં મહારાષ્ટ્ર સુધી પીછો કરી નાસિક પાસેથી તેને દબોચી લીધો હતો. વર્ષોથી સ્થળ અને ઓળખ બદલીને ફરતા આ શાહુકાર આરોપી સામે હત્યા, લૂંટ જેવા એકથી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા. આરોપીને વાગરા પોલીસ સ્ટેશન ખાતે લાવી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### અંકલેશ્વરમાં ચામુંડા-મહાકાળીની રથયાત્રા

ભરૂચઃ ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વે અંકલેશ્વર GIDC વિસ્તારમાં આવેલા રામદેવ બંગ્લોઝ ખાતેથી ચાચરી (ચામુંડા માતા) તેમજ મહાકાળી માતાની ભવ્ય અને આકર્ષક રથયાત્રા કાઢવામાં આવી હતી. આ રથયાત્રાનું આયોજન સ્થાનિક શ્રદ્ધાળુઓ અને પટેલ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી ધાર્મિક ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. રથયાત્રાના પ્રારંભે બંને ભાઈ મન પટેલ અને કુંજ પટેલના નિવાસસ્થાને વૈદિક મંત્રોચ્ચાર સાથે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રથયાત્રા GIDCના લગભગ નવ કિલોમીટરના વિસ્તારમાં ફરી વળી, વિવિધ ઉદ્યોગો, ચોકડીઓ અને વસાહતોમાંથી પસાર થઈ હતી.

# તળાવમાં મત્સ્ય ઉદ્યોગ બાબતે નહારની ગ્રામસભામાં હોબાળો

**ગ્રામસભા** અધૂરી, પોલીસ બોલાવવી પડી



ભરૂચઃ જંબુસરના નહાર ગામે મંગળવારે યોજાયેલી ગ્રામસભા દરમિયાન તળાવ મચ્છી ઉદ્યોગને આપવાના મુદ્દે ભારે ઉત્તેજના સર્જાઈ હતી. ગ્રામસભામાં બે જૂથો વચ્ચે ઉગ્ર ટપાટપી થતાં વાતાવરણ તંગ બની ગયું હતું, જેના કારણે ગ્રામસભા અધૂરી રાખી મુલતવી રાખવાની ફરજ પડી હતી. કોઈ અનિચ્છનીય ઘટના ન બને એ માટે પોલીસ બંદોબસ્ત બોલાવવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે, નહાર ગામ પૂર્વ મંત્રી છત્રસિંહ પી. મોરીની માતૃભૂમિ હોવાથી લગભગ 70 વર્ષથી અહીં સર્વાનુમતે બિનહરીફ ગ્રામ પંચાયતની પરંપરા રહી છે. સતત 14 વર્ષથી આ ગામ 'સમરસ ગ્રામ પંચાયત' તરીકે ઓળખાતું હતું.

ગામમાં મુખ્યત્વે મકવાણા અને મોરી સમાજની વસતી વધુ છે. ગામનું તળાવ છેલ્લાં 21 વર્ષથી મચ્છી ઉદ્યોગ માટે આપવામાં આવતું હતું. જોકે, સૂત્રોના જણાવ્યા મુજબ આ વખતે આ મુદ્દે રાજકીય કિન્નાખોરીના આક્ષેપો વચ્ચે મકવાણા અને મોરી સમાજ સામસામે આવી ગયો હતો. જેના પરિણામે ગ્રામસભામાં તીવ્ર વિવાદ ઊભો થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી બે મહિનામાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાનાર છે. આથી પ્રશ્ન ઊભો થાય છે કે, 70 વર્ષથી ચાલતી બિનહરીફની પરંપરા યથાવત રહેશે કે ચૂંટણીનું સમરાંગણ ઊભું થશે?

# 'સેવા' આપવા આવતી પુત્રની પ્રેમિકાએ વૃદ્ધાનાં ઘરેણાં ચોરી લીધાં

**અંકલેશ્વરની** ઘટના, પુત્રને દારૂની લત હોવાથી વૃદ્ધા ડબ્બામાં ઘરેણાં સંતાડી રાખતી હતી

**ચોરીની** વાત બહાર આવી તો વૃદ્ધા પર જ ચોરીનો આરોપ લગાવ્યો

**પોલીસે** તપાસ કરતાં પુત્રની પ્રેમિકાએ ફાયનાન્સમાં દાગીના ગીરવે મૂક્યાનો પર્દાફાશ થયો

અંકલેશ્વરઃ અંકલેશ્વરની રામનગર સોસાયટીમાં રહેતા 60 વર્ષીય વૃદ્ધા શારદાબેન ધુડા સાથે તેમના જ પુત્ર અને તેની પ્રેમિકાએ જ વિશ્વાસઘાત કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

મળતી માહિતી મુજબ શારદાબેનના પુત્ર ધીરેન્દ્રના વર્ષ-2014માં છૂટાછેડા થયા હતા. વર્ષ-2023માં શારદાબેનનો હાથ ભાંગતા ભદ્રલોક બંગ્લોઝમાં રહેતી નિરાલી ચાયવાલા નામની યુવતી તેમની સેવા અને ટિફિન આપવા આવતી હતી. આ દરમિયાન ધીરેન્દ્ર અને નિરાલી વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. પુત્ર નશાનો આદિ હોવાથી શારદાબેન પોતાનાં ઘરેણાં અનાજના ડબ્બામાં છુપાવીને રાખતાં હતાં. વર્ષ-2024માં એક લગ્નપ્રસંગે જતી વખતે અનાજનો ડબ્બો તપાસતાં ઘરેણાં ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું. ચોંકાવનારી વાત એ હતી કે, નિરાલી અને ધીરેન્દ્રએ ઉલટાનો શારદાબેન પર જ ચોરીનો ખોટો આરોપ લગાવ્યો હતો.

આખરે શારદાબેને અંકલેશ્વર શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં નિરાલી જ શારદાબેનના 12.50 લાખની કિંમતના 12.50 તોલા સોનાનાં ઘરેણાં ચોરી ગયાનું બહાર આવ્યું હતું. તેણે આ દાગીના મુથુટ ફાયનાન્સમાં ગીરવે પણ મૂકી દીધા હતા. અંકલેશ્વર શહેર પોલીસે નિરાલી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# અભ્યાસ બાબતે પિતાએ ઠપકો આપતાં કિશોર ઘર છોડી ચાલી નીકળ્યો

**નિઝર** પોલીસે કીમ ચોકડીથી કિશોરને શોધી પરિવાર સાથે મિલન કરાવ્યું

કુકરમુંડાઃ નિઝર પોલીસને પરિવારથી વિખૂટા પડેલા એક કિશોરને સુરક્ષિત શોધી તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવવામાં સફળતા મળી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ભીલજાંબોલી ગામના રહેવાસી અને નિઝરની આર.જી.પટેલ હાઈસ્કૂલમાં ધોરણ-12માં અભ્યાસ કરતા સાજનભાઈ દિલીપભાઈ વળવી (ઉં.વ.આ.17)ને તેના પિતાએ અભ્યાસ બાબતે ઠપકો આપતાં માઠું લાગી આવ્યું હતું. જેના કારણે તે કોઈને જાણ કર્યા વગર ઘર છોડીને ચાલ્યો ગયો હતો. આ અંગે પરિવારજનોએ નિઝર પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી. વિઠ્ઠલપરાના માર્ગદર્શન હેઠળ કિશોરને તાત્કાલિક શોધવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પીએસઆઈ બી.આર.બથવાર (સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, તાપી-વ્યારા), પીએસઆઈ એમ.આઈ. વસાવા તથા પોલીસ કોન્સ્ટેબલ સંતવાનભાઈ ગોમાભાઈએ ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી સુરતના કીમ ચોકડી વિસ્તારમાંથી કિશોરને સુરક્ષિત શોધી કાઢ્યો હતો.

ત્યારબાદ કિશોરને નિઝર પોલીસ સ્ટેશન ખાતે લાવી કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. સમજાવટ બાદ કિશોરને તેના પિતા દિલીપભાઈ મગનભાઈ વળવીને સોંપી પરિવાર સાથે સુખદ મિલન કરાવવામાં આવ્યું હતું.



# વાલિયાના વિઠ્ઠલ ગામમાં 10 જુગારી ઝડપાયા

ભરૂચઃ વાલિયા પોલીસે વિઠ્ઠલ ગામમાં જુગારના અડ્ડા પર કાર્યવાહી કરતાં 10 શખ્સને ઝડપી લીધા છે. પોલીસે સ્થળ પરથી રોકડ, મોબાઈલ, મોટરસાઈકલ સહિત કુલ રૂ.57,760નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી શરૂ કરી છે.

વાલિયા પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. ચૌધરીએ વિસ્તારમાં પેટ્રોલિંગ માટે વિશેષ ટીમો બનાવી હતી. દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.બી.ડોડિયા અને તેમની ટીમને બાતમી મળી હતી. બાતમી મુજબ વિઠ્ઠલ ગામે રોડની બાજુમાં આવેલી એક ઓરડીની બહાર કેટલાક લોકો ગંજીપાનાં વડે હારજીતનો જુગાર રમી રહ્યા હતા. બાતમીના આધારે પોલીસે પંચોની હાજરીમાં સ્થળ પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન 10 ઈસમને જુગાર રમતા ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી રૂ.12,760ની રોકડ, રૂ.10,000ની કિંમતના બે મોબાઈલ ફોન, રૂ.35,000નું એક પેશન પ્રો મોટરસાઈકલ અને જુગારના અન્ય સાધનો સહિત કુલ રૂ.57,760નો મુદ્દામાલ કબજે કર્યો હતો. વાલિયા પોલીસે તમામ 10 આરોપી સામે જુગારધારાની કલમ-12 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભરૂચમાં મેગા પ્રોજેક્ટ્સથી પાણીના માર્ગમાં અવરોધ



**ખેડૂતોને** પાક બરબાદ થવાની ભીતિ

ભરૂચઃ વરસાદનો કહેર ઓછો થતાં જ ખેડૂતોની મુશ્કેલી વધી છે. ભરૂચ તાલુકાનાં અનેક ગામોમાં ખેતરોમાં ગોઠણસમું પાણી ભરાઈ જતાં ખેડૂતો હાથ પકડીને રોવા બેઠા છે. મેગા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને કારણે કુદરતી જળનિકાસના માર્ગો અવરોધાતાં વરસાદી પાણી ખેતરોમાં જ તળાવ બની રહ્યું છે.

દહેગામ, કેરવાડા, હિંગ્લોટ, મનુબર અને કરમાડ સહિતનાં ગામોના ખેડૂતોએ જણાવ્યું કે, બુલેટ ટ્રેન, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે અને ફ્રેઈટ (ગુડ્સ) ટ્રેન જેવા મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ દરમિયાન નિકાલની વ્યવસ્થા ઉપેક્ષિત રહી છે. પરિણામે કપાસ, તુવેર, મગ જેવા ઊભા પાક પાણીમાં ગરકાવ થતાં ભારે નુકસાનની ચિંતા સતાવી રહી છે.

ખેડૂતોનું કહેવું છે કે, આગામી દિવસોમાં પાણી ન ઊતર્યું તો સમગ્ર પાક સંપૂર્ણપણે બરબાદ થઈ જશે. અસરગ્રસ્ત ખેડૂતોએ તાત્કાલિક પાણીના નિકાલની વ્યવસ્થા, પાકના નુકસાનનો સરવે અને યોગ્ય વળતર ચૂકવવાની પ્રબળ માંગ સરકાર સમક્ષ મૂકી છે.

### નર્મદા મૈયા બ્રિજ પર અકસ્માત

અંકલેશ્વરઃ અંકલેશ્વર-ભરૂચને જોડતા નર્મદા મૈયા બ્રિજ પર મોપેડ સવાર યુવક અંકલેશ્વર તરફ આવી રહ્યો હતો. દરમિયાન તેણે આગળ જઈ રહેલા વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતાં મોપેડ ડિવાઈડર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં યુવકને ઈજા પહોંચતાં હોસ્પિટલમાં ખસેડાયો હતો.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૯૮/૨૦૨૬
તા.૦૮/૦૭/૨૦૨૬

વાદી :- મહમદભાઈ ઈબ્રાહીમભાઈ મમુજી, રહે.અભી ફળિયું, સીલુડી, તા.વાલીયા, જી.ભરૂચ-૩૯૩૧૩૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી દિણોદ ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૫

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મહમદભાઈ ઈબ્રાહીમભાઈ મમુજી, રહે.અભી ફળિયું, સીલુડી, તા.વાલીયા, જી.ભરૂચ-૩૯૩૧૩૫એ તેઓના ભાઈ મહમદ ઈસુપ મલ્લુનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મહમદ ઈસુપ મલ્લુ ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૬૧ ૩. જન્મનું સ્થળ: મોજે.દિણોદ, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મહમદ ઈસુપ મલ્લુના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૦/૦૯/૨૦૨૬ના રોજ વાંધો કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**The Mandvi Education Society Technical Campus (MBA and MCA Programme)**

Nr. Bus station At & Po. Mandvi, Dist : Surat , GUJARAT 394160
mgmtmes@gmail.com, website : www.mestech.ac.in
Contact No. : 9099063472

**ADMISSION FOR VACANT QUOTA of MBA and MCA PROGRAMME, YEAR 2026-27**

Application forms will be available at college from the date 01/08/2026 on payment of Rs. 500/- (Non-Refundable)

**KEY DATES**

| | |
|---|---|
| Acceptance of Forms duly filled in all respect | 01/08/2026 TO 13/08/2026 |
| Merit List | 14/08/2026 |
| Counselling : MBA & MCA college, Mandvi | 14/08/2026 at 10:00 am onwards |

Milano MULTIPLEX
બારડોલી

Spider-Man:Brand New Day-2D
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Hip Hip Hurray-Gujarati
02:00pm, 06:00pm
Maaran-Gujarati - 05:00pm
Bhai Tera Star Hai - 03:30pm
Dhamaal 4 - 11:00am, 09:00pm
Jan Neta - 12:00pm, 09:30pm,
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**જાહેર નોટીશ**

આથી જાહેર જનતાને અને લાગતા વળગતાઓને આ જાહેર નોટીશ આપી જણાવવાનુ કે, ગામ મોજે હરસણી, તા-માંગરોલ જી-સુરતના બ્લોક નં-૧૭૬, સર્વે નં- ૧૪૮,૧૯૭, જેનુ ક્ષેત્રફળ ૦૧-૯૦-૨૭ ચો.મી, આકાર ૧૪.૮૩, ખાતા નંબર-૨૦૪ વાળી જુની શરતની કબજા ભોગવટા વાળી તથા ખેડ હકકવાળી ખેતીની જમીન ના માલીક અબ્દુલ નાશીર મહમદ જસાત રહે- માંગરોલ,તા-માંગરોલ, જી-સુરત નાઓ પાસેથી હમારા અસીલ જમીન વેચાણ રાખવા માંગે છે.તે બાબતે કોઈ પણ વ્યક્તિના હકક હિસ્સો લાગ-ભાગ દર દાવો કે કોઈના કોઈ પણ જાતના ભરણપોષણ ના હકકો કે કોઈના બોજામાં કે લીયન, કે લોન મારગેજ ના હકકો હોય,કે કોઈનો કબજો હોય તો હમોને જરુરી દસ્તાવેજી પુરાવાઓ સાથે દિન -૦૭ માં ઉપરોક્ત જણાવેલ હમારા સરનામે રૂબરૂ હાજર રહેવુ અને સમય વિતીયે કોઈનો કોઈ પણ પ્રકારના વાધો ન આવે તો હમારા અસીલ કોઈના વાધા આવેલ નથી અને કોઈ પણ વ્યક્તિના હકકો નથી અને જો કોઈના હકકો હોય તો તે જતા કરેલા છે. તેવુ સમજી હમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ જમીન માલિક પાસેથી સમય વિતીયે દસ્તાવેજ કરાવી લેશે જેની લાગતા વળગતાઓએ નોધ લેવી ત્યાર બાદ કોઈ પણ વ્યક્તિની તર તકરાર ચાલશે નહી.

તારીખ- ૦૪/૦૮/૨૦૨૬

મારી મારફતે - અમીત.પી.શાહ
રહે- માંગરોલ તા-માંગરોલ, જી-સુરત - ઓફિસ - પરમાર ઝેરોક્ષની બાજુમાં, મોસાલી તા- માંગરોલ, જી-સુરત